**પ્રધાનમંત્રીએ અમેરિકાના રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરી**

11 ડિસેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના રાષ્ટ્રપતિ, મહામહિમ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીત કરી.

બંને નેતાઓએ ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોમાં સતત પ્રગતિની સમીક્ષા કરી અને મુખ્ય પ્રાદેશિક તથા વૈશ્વિક ઘટનાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા પુનરોચ્ચાર કરવામાં આવ્યો કે ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

X પરની એક પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું:

"રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને સકારાત્મક વાતચીત થઈ. અમે અમારા દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી તેમજ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓની ચર્ચા કરી. ભારત અને અમેરિકા વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

@realDonaldTrump

@POTUS”

નવી દિલ્લી

11 ડિસેમ્બર, 2025